ભરઉનાળે વડાગામમાં કોન્ટ્રાકટરની આડોડાઈથી પાણીથી ટળવળતી પ્રજા

વડાગામ, તા.૨૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામમાં પાણીના નિકાલ માટે ખોદવામાં આવેલી ગટરલાઈનથી વડાગામ બસ સ્ટેન્ડ એરીયામાં રહેતા પ્રજાજનો તોબા પોકારી ઉઠયા છે. કોન્ટ્રાકટરની અણઆવડત અને અપૂરતા પાઈપોના અભાવે ચાર દિવસથી બસ સ્ટેન્ડ એરિયામાં ખોદવામાં આવેલા મોટા મોટા ખાડાઓ જૈસે થે અવસ્થામાં છોડી દેવામાં આવ્યા છે. વડાગામના પ્રજાજનોમાં પાણીના નિકાલનું કામ સત્વરે પૂર્ણ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ધનસુરા તાલુકાના વડાગામમાં વરસાદી પાણીના નિકાલ માટે બસ સ્ટેન્ડ વિસ્તારમાં રોડની સાઈડમાં કોન્ટ્રાટર દ્વારા મોટા મોટા ખાડાઓ ખોદી કાઢી પાઈપલાઈન માટે ખોદકામ કરેલ છે. ત્યારે કોન્ટ્રાકટર દ્વારા આ ખાડાઓ ખોદવામાં ગંભીર બેદરકારી દાખવતાં બસ સ્ટેન્ડ વિસ્તારમાં ભુગર્ભમાં રહેલી ઘરવપરાશ અને પીવાના પાણીની પાઈપલાઈન તોડી નાખવામાં આવતા સ્ટેશન વિસ્તારમાં રહેતા પ્રજાજનો ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણીના અભાવે ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ભર ઉનાળે બસ સ્ટેન્ડ વિસ્તારના પ્રજાજનોને પીવાના પાણીના ફાંફા પડી ગયા છે છતાં કોન્ટ્રાકટર દ્વારા ઉડાઉ જવાબ આપી લોકોને મજબૂરન ટેન્કર દ્વારા સ્વ ખર્ચે પાણી ખરીદી ઘરવપરાશ અને પીવાના પાણીથી ચલાવવું પડે છે જયારે ગરીબ અને શ્રમજીવીઓ માટે ઉનાળામાં પીવાના પાણી વગર જીવવું મુશ્કેલ બન્યું છે. જયારે બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલા દુકાનદારો અને રહેણાંક વિસ્તારના પ્રજાજનો ખાડા ખોડી દુકાનો આગળ અને મકાન આગળ માટીના ઢગલા ખડકી દેતાં પાછલા ચાર દિવસથી દુકાનદારો પરેશાન થઈ ગયા છે. મોટા મોટા માટીના ઢગ અને ખાડાઓથી ગ્રાહકો ગભરાઈ ખરીદી કરવા ન આવતાં દુકાનદારોની હાલત કફોડી બની છે. જયારે સ્ટેશન વિસ્તારમાં રહેતા પરીવારો આ ખાડાઓના કારણે જાણે મોતના મુખમાંથી પસાર થતા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. વડાગામના માવજીભાઈ કાનજીભાઈ પટેલ ગઈ કાલે વડાગામમાં ખરીદી કરવા આવતાં કોન્ટ્રાકટર દ્વારા આડેધડ ખોદાયેલા ખાડાઓના કારણે પગ લપસી પડતાં વૃધ્ધના શરીરે સામાન્ય ઈજાઓ પહોંચતા ખાનગી દવાખાનામાં સારવાર લેવી પડી હતી.

વડાગામ બસ સ્ટેન્ડ વિસ્તારમાં દુકાન ધરાવતા દુકાનદારના જણાવ્યા અનુસાર કોન્ટ્રાકટ દ્વારા ખોદવામાં આવેલા ખાડાઓ જો સત્વરે પુરવામાં નહિ આવે તો રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

રાજ્યનું ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૬.૧૦ ટકા પરિણામ

ગુજરાતની ૨૧૦ શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ રહ્યું : ૧૨૫૫૧૫ વિદ્યાર્થીઓ પૈકીના ૧૦૮૦૭૧ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા : ૧૮૫૪ વિદ્યાર્થીનું પરિણામ પેન્ડિંગ : ૪૨૭ વિદ્યાર્થીઓને એ૧ ગ્રેડ

અમદાવાદ, તા.૨૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પરીણામ આજે ૮૬.૧૦ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષા આપનાર ૧,૨૫,૫૧૫ વિદ્યાર્થીઓ પૈકી ૧,૦૮,૦૭૧ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા હતા. જ્યારે ૧,૮૫૪ વિદ્યાર્થીઓનું પરીણામ પેન્ડીંગ રાખવામાં આવ્યું છે. રાજયમાં સૌથી વધુ પરીણામ રાજકોટ જિલ્લાનાં ગોંડલનું ૯૯.૭૩ ટકા છે. જ્યારે સૌથી ઓછુ પરીણામ ૨૧.૯૯ ટકા છોટા ઉદયપુર જિલ્લાનું છે. ૯૬.૦૧ ટકા પરીણામ સાથે રાજકોટ જિલ્લો રાજયમાં પ્રથમ રહ્યો છે. તો ૩૦.૨૭ ટકા પરીણામ સાથે છોટા ઉદયપુર જિલ્લો રાજયમાં સૌથી છેલ્લે રહ્યો છે. ચાલુ વર્ષે રાજયની ૨૧૫ શાળાઓનું પરીણામ ૧૦૦ ટકા કરતા ઉચુ રહ્યું છે. તો નવ શાળાઓનું પરીણામ ૧૦ ટકા કરતાં નીચુ રહ્યું છે. ૪૨૭ વિદ્યાર્થીઓ એ-૧ નો ૪,૦૦૮ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે તો ૩૯ વિદ્યાર્થીઓને ૨૦ ટકા પાસીંગ માર્ક સાથે પાસ કરવામાં આવ્યા છે.

ચાલુ વર્ષે રાજયનાં ૧૨૯ જેટલા કેન્દ્રો પરથી લેવામાં આવેલી આવેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની લેવાયેલી પરીક્ષા સંપૂર્ણ રીતે સીસીટીવી અને ટેબલેટ બાજ નજર નીચે લેવાઈ હતી જેના વિડીયો ચેકીંગ દરમિયાન ૨૧૪ વિદ્યાર્થીઓ કોપી કરતા હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત ૩૮ વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન સ્કવોર્ડનાં હાથે ગેરરીતી આચરતા ઝડપાયા છે. જે તમામનાં પરીણામ પેન્ડીંગ રાખવામાં આવ્યા છે. જ્યારે સુપરવાઈઝર કામગીરીમાં બેદકારી દાખવનાર શિક્ષકોને પણ નોટીસ પાઠવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તો કોઈ એખ કે તેથી વધુ વિષયમાં ગેરહાજર રહેલા ૧,૮૫૪ વિદ્યાર્થીઓનું પરીણામ પણ પેન્ડીંગ રાખવામાં આવ્યું છે. આ વિદ્યાર્થીઓ આગામી સમયમાં મુખ્ય પરીક્ષાની સાથે બાકી રહેલ વિષયોની પરીક્ષા આપીને પોતાનું પરીણામ મેળવી શકશે. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ જણાવવામાં આવ્યું હતું કે, ચાલુ વર્ષે સીસીટીવી કેમેરા અને ટેબ્લેટના ફુટેજ જોતા જે સુપરવાઈઝરો સુપરવિઝનની કામગીરીમાં નિષ્ક્રિય કે ઉદાસીન રહ્યા હતા તેમની સામે પણ નોટિસ આપીને નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. આવા દોષિત શિક્ષકોની શાળાઓના સંચાલન મંડળને જાણ કરી જરૂરી કાર્યવાહી કહેવામાં આવશે. સેમેસ્ટર પદ્ધતિના અમલ પછી આ તૃતીય સંકલિત પરિણામ છે. સેમેસ્ટર પદ્ધતિનો અમલ કરવા પાછળનો ઉદેશ્ય વિદ્યાર્થી પરથી માનસિક ભારણ અને તાણ ઘટવાડનો રહ્યો છે. સાથે સાથે અધ્યયન પ્રક્રિયાને વધુ સઘન બનાવવાનો પણ રહ્યો છે.

તલોદની સી.ડી. પટેલ શાળાનું ગૌરવ

તલોદ, તા.૨૮

માધ્યમિક શિક્ષણ બોર્ડદ્વારા માર્ચ ૨૦૧૫માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં તલોદની સી.ડી. પટેલ હાઈસ્કૂલનું ૮૨.૬૪ ટકા પરિણામ આવ્યું છે. સી.ડી. પટેલ હાઈસ્કુલના વિદ્યાર્થી દર્શન સુભાષચંદ્ર શાહ, આયુષ ચીમનભાઈ પટેલ, મંથન મુકેશભાઈ પટેલ, માનસી મનીષભાઈ શાહ અને સ્મિત મિલન કુમાર મોદીએ ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીઓની આ સિધ્ધિ બદલ શાળા પરિવારે અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

ડુંગરી નજીક જીપે રીક્ષાને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૮

ઈડર તાલુકાના ડુંગરી નજીક બુધવારે રાત્રે એક જીપે પેસેન્જર રીક્ષાને ટક્કર મારતા એક મહિલાનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગેની ફરિયાદ જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

બુધવારે રાત્રે ડુંગરી પાસેથી પસાર થતી રીક્ષા નં. જીજે૯ઝેડ૩૧૩૬ને જીપ નં. જીજે૯-૫૩૫૮ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી રીક્ષાને ટક્કર મારી હતી. જેના કારણે રીક્ષામાં બેઠેલ અળખીબેન કાનાજી ઠાકોર (ઉં.વ.૪૭)ને ગંભીર ઈજા થતા તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે રાઘુજી હીરાજી ઠાકરડા(રહે. પુંજપુર)એ જીપ ચાલક વિરૂદ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બનાસકાંઠામાં ૩૨.૩૯ કરોડના ૧૪૭ કામોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કરાશે

પાલનપુર, તા. ૨૮

બનાસકાંઠા જિલ્લામાં તા. ૨૯ થી ૩૧ મે અને તા. ૫ થી ૭ જુન દરમિયાન મહાનુભાવોના વરદહસ્તે રૂ. ૩૨.૩૯ કરોડના ૧૪૭ જેટલા વિકાસના વિવિધ કામોનું ભૂમિપૂજન અને લોકાર્પણ કરવામાં આવશે. તા. ૨૯ મે ના રોજ છાપી, ગોળા અને પાલનપુર ખાતેના કાર્યક્રમોમાં રાજ્યસભાના સભ્યશ્રી દિલીપભાઈ પંડ્યા અને સાંસદશ્રી લીલાધરભાઈ વાઘેલાના હસ્તે ભૂમિપૂજન અને લોકાર્પણ યોજાશે. તા. ૩૦ મે ના રોજ દાતા તાલુકાના કુંવારસી અને પુંજપુર તથા અમીરગઢ ખાતેના કાર્યક્રમોમાં આદિજાતિ વિકાસ બોર્ડના અધ્યક્ષા શ્રીમતી રમીલાબેન બારાના હસ્તે તથા તા. ૩૧ મે ના રોજ ધાનેરા, વાલેર અને દાંતીવાડા ખાતે યોજાનારા કાર્યક્રમોમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી હરીભાઈ ચૌધરીના હસ્તે ભૂમિપૂજન અને લોકાર્પણ યોજાશે.

ઓવરલોડીંગ દોડતી ટ્રકોથી તલોદ મજરા માર્ગનો ખુડદો બોલી ગયો

તલોદ,તા. ૨૮

વડાગામ પંથકમાંથી કપચી ભરીને નીકળતી ઓવરલોડીંગ ટ્રકો રાજ્યોના માર્ગોનો સફાયો બોલાવી રહી છે તથા નેશનલ હાઈવે નં. ૮ ઉપરથી દૈનિક આવા ગેરકાયદેસર આવરલોડીંગ માલવહનનો વેપલો બેફામ બન્યો છે. તંત્રની મીઠી નજરે ટ્રકચાલકો પણ બેરોકટોક માર્ગ ઉપર કપચીને વેરણછેરણ કરતા બિન્દાસ્ત પસાર થઈ રહ્યા છે. પ્રજાના કરોડો નાણાં આવા કૃત્યો થકી પાણીમાં જઈ રહ્યા હોવાનું પ્રજાજનોને નજરે પડે છે. પરંતુ તંત્ર કોઈ કારણસર એક્શનમાં આવતુ નથી જેથી લોકોમાં અનેક શંકાઓ પેદા થઈ છે.

વડાગામ, હરસોલ, બાયડ, વાત્રક, ધનસુરાનો પંથક ક્વોરી ઉદ્યોગથી ધમધમી રહ્યો છે. રાજ્યભરમાં અહીંથી કપચી તથા તેની બનાવટો ટ્રકો મારફતે પહોંચે છે. જેમાં ટ્રકોમાં ભરાતો આ કપચી સલગ્ન માલ અત્યંત ઓવરલોડીંગ હોય છે. અને આવી દૈનિક હજારો ટ્રકો રાજ્યભરના માર્ગો ઉપરથી પસાર થઈ રહી છે. રાજ્ય કે દેશમાં બનતા આ માર્ગોની કેપેસીટી નક્કી કરાયેલી હોય છે. અને તે મુજબ બનેલા આ માર્ગો જે તે કેપેસીટી જ સહન કરી શકે છે. અન્યથા તુટીફૂટીને દબાઈ જાય છે. હાલ તલોદ-હરસોલ-મજરા માર્ગ નવીન બનાવાયો છે અને આ માર્ગ નેશનલ હાઈવે નં. ૮ ને મળે છે. જે પણ તાજેતરમાં જ બનાવાયો છે અને આ માર્ગો ઉપર જ બિન્દાસ્ત ઓવરલોડીંગ ટ્રકો રાત-દિવસ પસાર થઈ રહી છે.

વધુમાં આ ટ્રકોમાં ક્ષમતા કરતા વધુ ભરેલો કપચીનો માલ ટ્રકોની ઉછળકુદમાં માર્ગો ઉપર વેરણ છેરણ બને છે જેથી અન્ય વાહનચાલકોના વાહનો ખોટકાઈ જાય છે તેમજ સ્લીપ થઈ જવાના બનાવો થકી ગંભીર ઈજાઓ કે મોત પણ થવાના સંજોગો સર્જાયા છે. પ્રજાના વેરા થકી કરોડોના ખર્ચે બની રહેલા આ માર્ગો તંત્રની બેફિકરાઈ કે અન્ય વ્યવસ્થા થકી તુટી રહ્યા છે. પસાર થઈ રહેલી ટ્રકો જે તે પોલીસ સ્ટેશન વિસ્તાર કે પોલીસ આગળથી જાય છે છતાં પણ કોઈજ કાર્યવાહી થઈ રહી નથી. રાજ્યનુ ભુસ્તરતંત્ર કે આર.ટી.ઓ. પણ કાગળ ઉપર જ કાર્યવાહી બતાવી રહી હોય તેવુંચિત્ર માર્ગોઉપર જણાયુંછે. પ્રજાજનો પણ ઓવરલોડીંગ ટ્રકોના પસાર થવા ઉપર શંકાઓ પેદા કરી સેટીંગની શક્યતાને નજરે નિહાળી રહ્યા છે.

(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

પ્રાંતિજ ગલેચી ભાગોળ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ રાત દિવસ ચાલુ

ક્યારેક કેટલાક વિસ્તારમાં રાત્રે પણ લાઈટના દર્શન દુર્લભ

પ્રાંતિજ, તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગલેચી વિસ્તારમાં કોલેજ રોડ ઉપર પાલિકા તંત્રની મહેરબાની સ્થાનિકોને રાત દિવસની સ્ટ્રીટ લાઈટો ચાલુ રાખતા આ વિસ્તારના રહીશો તથા અવરજવર કરતાં લોકો પણ વિચારમાં પડી ગયા છે.

પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ ગલેચી ભાગોળ ખાતે નગરપાલિકા સંચાલિત સ્ટ્રીટ લાઈટો કેટલાય સમયથી રાત દિવસ ચાલુ રહે છે ત્યારે સ્થાનિક લોકો તથા ત્યાંથી અવરજવર કરતાં લોકો દ્વારા તંત્રનું ધ્યાન દોરવા છતાં આજ દીન સુધી તંત્ર ઉપર કોઈ અસર જોવા મળી નથી જયારે લાઈટ બીલ ફીમાં હોય કે રાત્રે ચંદ્રથી ને દિવસે સૂર્યના તેજથી ચાલતી હોય તેવું હાલ તો લાગી રહ્યું છે જયારે કેટલાક વિસ્તારોમાં તો અંધકાર હોય છે. તો પાલિકા દ્વારા શું આવા વિસ્તારોમાં ચંદ્રથી કે સૂર્યથી ચાલતી લાઈટોની સુવિધા ક્યારે મળશે હાલતો દિવસ રાત ચાલતી સ્ટ્રીટ લાઈટનો મુદ્દો લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

શબ્દાવલી - ૫૭૪૪



આડી ચાવી

૧. ચોમાસામાં થતું એક સુંવાળું લાલ જીવડું (૫)
૫. પાણીમાં સમાધિ લેવી તે(૫)
૭. પલકાર, પોપચું (૩)
૧૦. ઓઢણું, ડ્રેસ પરનો ખેસ(૩)
૧૧. પાસે, હાથનું એક ઘરેણું(૨)
૧૨. અનાથ બાળક (૩)
૧૪. પરૂ, રસી (૨)
૧૬. પ્રવાહી, જયુસ (૨)
૧૮. શાંતિ, વિશ્રાંતિ (૩)
૧૯. જમાવ, ઝુંડ, સમુહ (૨)
૨૦. રુવે રુવે, રુંવાડે રુંવાડે(૪)
૨૧. તમ્મો, ખેલ (૩)

ઊભી ચાવી

૧. ગોરનું કામ કરનાર (૪)
૨. બટનનો વાખવા માટે... કચાય (૨)
૩. એક જીવડું, ઇ... (૨)
૪. વહેતુ ના હોય તેવું (૪)
૬. સમજવું તે, માની લેવું તે (૪)
૮. પીડા-ઉપાધિ, લફરુ (૨)
૯. વાટકો (૩)
૧૧. આવજોને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૧૩. સ્મશાન ઘર જેવા અર્થમાં આ શબ્દ વપરાય છે (૪)
૧૪. પરવશતા, ઓથ, આધાર(૩)
૧૫. આરામ, રિસેશનો સમય (૩)
૧૭. ઝટ, ત્વરાથી (૩)
૧૮. ઘાટ, ઓવારો (૨)

શબ્દાવલી ૫૭૪૩ના જવાબ

આડી ચાવી :- (૧) ઘરકામ (૪) ફડક (૭) લગન (૮) પણ (૯) પડકાર (૧૦) રકાબી (૧૧) વાસ (૧૨) છોકરમત (૧૬) સવા (૧૭) વિષમ (૧૮) તળપદી

ઊભી ચાવી :- (૧) ઘડપણ (૨) કાલકા (૩) મગર (૫) ડપકા (૬) કણબી (૧૦) રસતરબોળ (૧૧) વામ (૧૨) છોળ (૧૩) રઘવા (૧૪) સપ્તપદી (૧૫) ભાવિ (૧૬) સમ

વિભાગીય બેઠકો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અને આરોગ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે રાજયભરની ઔદ્યોગિક વસાહતોના મંડળો-સમૂહો એક જ છત્ર તળે એકત્ર થયા છે તેને ઔદ્યોગિક ગતિશીલતાનું ઉદાહરણ ગણાવ્યું હતું.

પ્રારંભમાં FIA ના પ્રમુખશ્રી કે. ટી. પટેલે સૌને આવકારતાં કાર્યક્રમનો હેતુ સ્પષ્ટ કર્યો હતો. આ અવસરે કન્યા કેળવણી નિધીમાં FIA અને ઔદ્યોગિક વસાહતો દ્વારા દાન-સહાયના ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરવામાં આવ્યા હતા.

દ્યોગના અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલ, જી.આઇ.ડી.સી.ના મેનેજિંગ ડિરેકટરશ્રી બી. બી. સ્વૈન, FIAના વર્તમાન અને પૂર્વ પદાધિકારીઓ, રાજયભરના ઔદ્યોગિક વસાહત મંડળોના સભ્યો, ધારાસભ્યો તથા ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબહેન, ગુડા અધ્યક્ષશ્રી તથા પદાધિકારીઓ આ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા

પરિણામ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જયારે કેન્દ્રવાર પરિણામ પર નજર કરીએ તો ગાંધીનગર કેન્દ્રનું ૯૧.૮૨ ટકા,ચાંદખેડાનું ૮૯.૨૫ ટકા, માણસાનું ૮૫.૪૭ ટકા તેમજ કલોલ તાલુકાનું સૌથી વધુ ૯૪.૦૧ ટકા પરિણામ આવ્યું છે.જિલ્લામાંથી ૯ વિધાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો છે. જેમાં શહેરની સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ૪ વિધાર્થી તેમજ સ્કુલ ઓફ અચિવર કુડાસણના ૨ વિધાર્થીઓનો સમાવેશ થાય છે. જયારે સે-૨૩ ગુરુકુલની વિધાર્થીનીનો પણ ટાપર્સની યાદીમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત ૨ માણસાની વિધાર્થીઓએ પણ એ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. ગત વર્ષે ૧૫ વિધાર્થીઓ એ વન ગ્રેડમાં ઝળકયા હતા. જયારે આ વર્ષે માત્ર ૯ વિધાર્થીઓ ટોપર્સની યાદીમાં સ્થાન મેળવી શકયા છે. બોર્ડના પરિણામને અનુલક્ષી વિધાથીઓ તેમજ વાલીઓમાં ઉત્તેજના જોવા મળી હતી.બોર્ડનું પરિણામ વહેલી સવારે બોર્ડની વેબસાઈટ પર મુકી દેવામાં આવ્યું હતું. જયારે વિધાર્થીઓને પણ સમયસર પરિણામ જાણવા મળતા તેમની ઈન્તેજારીનો અંત આવ્યો હતો.

હિંમતનગરમાં એટીએમનો પિન નંબર બદલી આપવાના બહાને રૂ. ૩૭,૫૦૦ ઉપાડી લેતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના બ્રહ્માણીનગર વિસ્તારમાં રહેતા એક નાગરિકને ગત મંગળવારે એટીએમ કાર્ડનો પિન નંબર બદલી આપવાના બહાને અજાણ્યા શખ્સે તેમના ખાતામાંથી રૂ. ૩૭,૫૦૦ની મત્તા ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતા તે અંગે બ્રહ્માણીનગરના નાગરિકે બુધવારે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે બ્રહ્માણીનગરમાં આવેલ સમર્થ પાર્ક સોસાયટી મહેતાપુરામાં રહેતા પ્રવિણકુમાર બબલદાસ પટેલ ગત મંગળવારે હિંમતનગર સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના એટીએમમાં નાણાં ઉપાડવા ગયા હતા ત્યારે એક અજાણ્યા શખ્સે આવી તેમને પિન નંબર બદલી આપવા મદદ કરવા કહ્યું હતું. જેથી પ્રવિણકુમારે તેમનો જુનો પિન નંબર જણાવ્યો હતો. ત્યારબાદ અજાણ્યા શખ્સે બીજુ એટીએમ કાર્ડ આપી દીધુ હતુ અને પ્રવિણકુમારના ખાતામાંથી રૂ. ૩૭,૫૦૦ની મત્તા ઉપાડી લઈ વિશ્વાસઘાત કર્યો હતો. જે અંગે પ્રવિણકુમારે બુધવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ધાણધા પાસે અકસ્માત થતાં એકનું મોત

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગર-ઈડર રોડ પર ધાણધા પાસે આવેલ બરફની ફેક્ટરી પાસે તા. ૨૬ મે ના રોજ એક સ્કોર્પીયોના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી સાયકલ સવારને હડફેટે લેતાં તેનું બુધવારે મોત નિપજ્યું હતું. જે અંગેની ફરિયાદ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે ગત તા. ૨૬ મે ના રોજ ધાણધા પાસેની બરફની ફેક્ટરી પાસેથી સાયકલ પર જઈ રહેલા લખીન્દર જગદીશ રાય (ઉં.વ. ૩૧)ને અજાણ્યા સ્કોર્પીયોના ચાલકે હડફેટે લેતાં તેમને ગંભીર ઈજા થઈ હતી. જેથી સારવાર માટે હિંમતનગર ખસેડાયા હતા. જ્યાં તેમનું બુધવારે મોત નિપજ્યું હતું. જે અંગે ધાણધામાં રહેતા નરેશભાઈ બાબુભાઈ ખારવાએ સ્કોર્પીયોના ચાલક વિરૂદ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ડીસામાં ગરમીનો પ્રકોપ યથાવત : સનસ્ટ્રોકથી રિક્ષાચાલકનું મોત

ડીસા, તા.૨૮

રાજયમાં એક માસથી પડી રહેલી કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહેતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે ત્યારે શિયાળામાં સહુથી વધુ ઠંડુ રહેતું અને ઉનાળામાં સહુથી વધુ ગરમ રહેતા ડીસામાં ગરમીથી વધુ એક વ્યકિતનું મોત થયેલ છે. આમ ચાલુ વર્ષે એક જ માસના ટુંકા ગાળામાં ગરમીના પ્રકોપે ૩ વ્યકિત મોતને ભેટયા છે, જો કે આ ગરમી હજુ પણ એકાદ માસ યથાવત રહેવાની હવામાન ખાતાએ આગાહી કરતા ડીસા ઉત્તર ગુજરાતમાં ગરમીથી મૃત્યુ આંકમાં સહુથી અગ્રીમ હરોળનું શહેર બન્યું છે.

બનાસકાંઠાના ડીસામાં આજે ગરમીથી લુલાગતા એક રિક્ષાચાલક મોતને ભેટયો છે. બપોરના સમયે અંદાજીત ૪૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં આ રિક્ષાચાલક પાપી પેટ ખાતર પેટીયું રળવા મુસાફરોને બેસાડી જતો હતો તેવામાં જ તેને ગરમીથી ચકકર આવ્યા હતા અને તે ઢળી પડયો હતો. જે બાદ મુસાફરો તેને ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયો હતો. જો કે ફરજ ઉપરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

હિટવેવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોં ઉપર બુકાની બાંધી લોકો અવરજવર કરતા નજરે ચડે છે ત્યારે ઘર કે ઓફિસોમાં ઠંડી એસીની હવા મેળવી લોકો રાહત મેળવતા નજરે ચઢે છે. ઠંડા પીણાનું વેચાણ કરતા પાર્લરો ઉપર મેળો જોવા મળે છે. લોકો શેરડીના રસનું સેવન કરી શરીરને ઠંડક આપવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

છેલ્લા બે દિવસ હજુ પણ નગરજનોને ગરમીમાં વિતાવવા પડી શકે છે. ગરમી સેન્સેકસની જેમ ઉતારચડાવ કરી શકે છે. કોઈ ગૃહિણીએ બનાવેલા પાપડ એક જ ઝાટકે સુકાઈ જાય તેવી ગરમીમાં લોકો સુકાઈ ન જાય તે માટે ઘરમાં રહેવાનું મુનાસિબ માની રહ્યા છે.

ડોક્ટર બનવાની.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મદદથી તેણે ઉજવળ પરિણામ પ્રાપ્ત કર્યું હોવાનું તેણે જણાંવ્યું છે. અંગ્રેજી મિડિયમમાં અભ્યાસ કરતા યશને ડોકટર બની ૨૪ કલાક સમાજ સેવા કરવી છે. તે પોતાના જીવનમાં તેના દાદા મણીલાલભાઈની પ્રેરણાથી આગળ વધુ સારી કારકર્દી બનાવશે તેવી ઈચ્છા પણ તેણે વ્યકત કરી છે. જયારે શાળામાં ત્વરિત સમસ્યાનું નિવારણ થતા અભ્યાક કરવામાં કોઈપણ તકલીફ પડી ન હોવાનું પણ તેણે જણાંવ્યુ હતું. આ ઉપરાંત સ્કુલ ઓફ અચિવરમાં અભ્યાક કરતી ભવ્યા પટેલે જણાંવ્યું હતું કે બાયોલાજી મારુ પેશન છે. જયારે મારે ડોકટર બનવાની ખેવના છે.તેના પિતા સુનીલભાઈ બેંકમાં નોકરી કરે છે. જયારે માતા જયોતિબેન હાઉસ વાઈફ છે. શાળાકક્ષાએ અપાતા વધારાના માર્ગદર્શન તેમજ પધ્ધતિસરનું શિક્ષણ સફળ પરિણામ માટે જવાબદાર છે. આ તબક્કે કુડાકણ સ્કુલના ટ્રસ્ટી પ્રજ્ઞેશ પટેલે જણાંવ્યું હતું કે સંસ્થા દ્વારા વિધાર્થીઓને સ્કીલ તેમજ નોલેજ બંન્ને મળે તેવો પ્રયાસ કરવામાં આવે છે. સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના દિગન્ત નવનીતભાઈ પટેલે પણ ટોપર્સની યાદીમાં સ્થાન મેળવ્યું છે.

ટુંકી મુદતની જાહેર નિવિદા

નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટ, ગાંધીનગરની કચેરી ખાતે સરકારશ્રીના કામકાજ સબબ સ્ટેશનરી ખરીદી માટે વાર્ષિક ભાવ કરાર કરવાના થાય છે જે માટે રસ ધરાવતી ઈચ્છુક પાર્ટીઓ / સંસ્થાઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું નિયત ટેન્ડર ફોર્મ તા. ૮/૬/૨૦૧૫ સુધીમાં કચેરી કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ કલાકે થી ૪-૦૦ કલાક દરમિયાન વહીવટી અધિકારી, નેશનલ રૂરલ હેલ્થ મિશન, સ્ટેટ પ્રોગ્રામ મેનેજમેન્ટ યુનિટની કચેરી, ગવર્મેન્ટ ડીસ્પેન્સરી, સેક્ટર-૫/સી, ગાંધીનગરની કચેરીએથી અરજી સાથે 'સ્ટેટ હેલ્થ સોસાયટી ગુજરાત - એનએચએમ'ના નામનો રૂ. ૫૦૦/- (રૂપિયા પાંચસો પુરા)નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફી ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. ભરેલા ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટથી તા. ૧૫/૬/૨૦૧૫ના રોજ સાંજના ૧૮-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે ઉપરોક્ત સરનામે મોકલી આપવાના રહેશે. ટેન્ડર સ્વીકારવું કે નહીં તે અંગેનો હક અત્રેની એસપીએમયુ કચેરીને અબાધિત રહેશે.

સભ્ય સચિવ (સ્ટેટ હેલ્થ સોસાયટી) અને
અધિક નિયામક (આરોગ્ય)

માહિતી/૪૬૯/૨૦૧૫-૧૬